# સંસદના મોનસુન સત્રમાં ઘણા મુદ્દા છવાશે

નવીદિલ્હી,તા. ૨૪

સંસદનું મોનસુન સત્ર ૨૧મી જુલાઈના દિવસે શરૂ થાયતેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સાંસદીય બાબતોની કેબિનેટ સમિતિએ મોનસુન સત્ર માટેની તારીખોની ભલામણ કરી દીધી હોવાના અહેવાલ મળી ચુક્યા છે. મોનસુન સત્ર દરમિયાન સરકારને લલિત ગેટના મુદ્દા ઉપર વિરોધ પક્ષો તરફથી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોનસુન સત્ર ચાર સપ્તાહ સુધી સામાન્યરીતે ચાલે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ વિચારણા કરવામાં આવ્યા બાદ આ અંગે ભલામણ કરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. અગાઉ ૨૦મી જુલાઈથી આ સત્ર શરૂ કરવાની દરખાસ્ત તૈયાર કરાઈ હતી પરંતુ ઈદ તહેવાર હોવાના પરિણામ સ્વરુપે આ નિર્ણયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આજકારણસર હવે ૨૧મી જુલાઈથી સંસદનું મોનસુન સત્ર શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ સત્ર તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સરકારને લલિત મોદી વિવાદના મુદ્દે વિપક્ષ તરફથી આક્ષેપોનો સામનો કરવો પડી શકે છે. ઉપરાંતજમીન અધિગ્રહણ વટહુકમ મુદ્દા ઉપર પણ વિરોધ પક્ષોના આક્ષેપોનો સામનો કરવો પડી શકે છે. ગૃહમંત્રી રાજનાથસિંહે સીસીપીએનું નેતૃત્વ કર્યું હતું જેમાં અનેક વરિષ્ઠ પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંસદીય બાબતોના મંત્રી વેંકૈયા નાયડુનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે, જો વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે લલિત મોદી વિવાદને લઈને રાજીનામુ નહીં આપે તો આગામી સત્ર ખોરવી નાંખવાના પ્રયાસ કરવામાં આવશે. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જોરદાર ખેંચતાણ રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે કે, જો વિરોધ પક્ષની માંગણીને સ્વીકારવામાં આવશે નહીં તો કોઈ કામકાજને આગળ વધારવાની મંજુરી અપાશે નહીં. સંસદમાં કેટલાક ચાવીરુપ બિલ અને મામલામાં પેન્ડિંગ રહેલા છે જેમાં લોકાયુક્ત એક્ટ, લોકપાલમાં સુધારા, રેલવે સુધારા બિલ, વોટર વે બિલ, જીએસટી બિલ, જમીન અધિગ્રહણ બિલને લઈને સુધારા બેનામી લેવડદેવડ સુધારા બિલનો સમાવેશ થાય છે. લોકસભામાં બજેટ સત્ર દરમિયાન ૩૫ બેઠકો થઈ હતી જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે બેઠક હતી. રાજ્યસભામાં ૩૨ બેઠકો યોજાઈ હતી. છેલ્લા સત્ર દરમિયાન લોકસભાએ ધાંધલ ધમાલના કરાણે છ કલાક અને ૫૪ મિનિટ ગુમાવ્યા હતા પરંતુ ઘણી સફળતા પણ મળી હતી. આવી જ રીતે રાજ્યસભામાં ૧૮.૩૨ મિનિટ બગડ્યા હતા. સરકાર સંસદમાં દરેક વર્ષમાં ઘણી બેઠકો યોજવાની યોજના ધરાવે છે. ઓક્ટોબર ૨૦૧૪માં યોજાયેલી બેઠકમાં આ અંગે હિલચાલ હાથ ધરવામાં આવી હતી.



# ભારતમાં ઈમરજન્સીની કોઈ સંભાવના નથી : અરૂણ જેટલી

નવીદિલ્હી, તા. ૨૪

ઈમરજન્સીને લઈને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ દહેશત વ્યક્ત કર્યા બાદ તેમના જુનિયર સાથી અને કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, ભારતમાં ઈમરજન્સી પરત લાગૂ થાય તેવી કોઈપણ શક્યતા નથી. આ બાબત અશક્ય દેખાઈ રહી છે. જેટલીએ ઉમેર્યું હતું કે, ઈમરજન્સીનો ગાળો ૧૯૭૫થી ૧૯૭૭ વચ્ચેનો હતો જે સ્વતંત્ર ભારતનો સૌથી કંગાળ ગાળો રહ્યો છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં આ બાબત હવે શક્ય દેખાઈ રહી નથી. પ્રધાને કહ્યું હતું કે, અડવાણી દ્વારા વ્યક્ત કરવામાં આવેલી દહેશત તેમનો અંગત મત હોઈ શકે છે. આજે વૈશ્વિક જાગૃતતા પણ લોકશાહીની તરફેણમાં છે. સરમુખ્ત્યારશાહી પર પણ આજે ઘણા પ્રતિબંધ લાદી ચુકયા છે. મિડિયા પણ ખુબ



મજબૂત છે. વૈશ્વિક સંસ્થાઓ પણ ખુબ મજબૂત છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ઈમરજન્સીનો શિકાર થાય તેમ વિશ્વ પણ સ્વીકારશે નહીં. અડવાણીની પ્રતિક્રિયા મોદીને લઈને જોવામાં આવે છે. મોદી સાથે તેમના સંબંધો હંમેશા મુશ્કેલભરેલા રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ અડવાણીના મતને ટેકો આપી ચુક્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હી ઈમરજન્સીના પ્રથમ પ્રયોગ તરીકે રહી શકે છે. એએપી સરકાર નરેન્દ્ર મોદી સાથે જોરદાર ખેંચતાણા ધરાવે છે.

એક અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં અડવાણીએ કહ્યું હતું કે, ભવિષ્યમાં ઈમરજન્સી જેવી સ્થિતિની શક્યતાને નકારી શકાય નહીં. ૨૫મી જૂન ૧૯૭૫ના દિવસે ઈમરજન્સી લાગૂ કરવામાં આવી હતી. આવતીકાલે તેની ૪૦મી વરસી યોજાઈ રહી છે ત્યારે જેટલીએ આજે આ મુજબની પ્રતિક્રિયા કરી હતી.

# વડાપ્રધાન મોદી ૨૮મી જુને લોકોની સાથે ફરી વાત કરશે

નવી દિલ્હી,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી જુનના દિવસે મન કી બાત કાર્યક્રમમાં ફરી લોકો સાથે વાતચીત કરનાર છે. આના માટે વિચારો આમંત્રિત કરવામાં આવ્યા છે. મોદી તેમના લોકપ્રિય કાર્યક્રમ મારફતે અગાઉ પણ લોકો સાથે સંપર્કમાં રહ્યા છે. છેલ્લી મન કી બાત કાર્યક્રમમાં મોદીએ જવાનોના વન રેન્ક વન પેન્શન અને ખેડુતો તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્ને વાત કરી હતી. હવે નવા કાર્યક્રમને લઈને મોદી ઉત્સુક દેખાઈ રહ્યા છે. છેલ્લે મન કી બાત કાર્યક્રમમાં મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે તેમની સરકાર ભારતીય સેનાના પૂર્વ જવાનો માટે વન રેન્ક વન પેન્શન સ્કીમને અમલી કરવા માટે કટિબદ્ધ છે પરંતુ તેને લઈને રહેલી જટિલતાને દુર કરવા માટે થોડાક સમયની જરૂર છે. મોદીએ છેલ્લે પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં લોકોની સાથે જોડાયેલા તમામ વિષયો પર વાત કરી હતી. જેમાં ભીષણ ગરમી, સામાજિક સુરક્ષા યોજનાઓ, કિસાન ચેનલ અને વન રેન્ક વન પેન્શનનો સમાવેશ થાય છે. મોદીએ પોતાના ૨૫ મિનિટ લાંબા ભાષણમાં લોકોને તેમનામાં વિશ્વાસ રાખવા અપીલ કરી હતી. મોદીએ હાલમાં આવેલા ભૂંકપની યાદ તાજી કરતા કહ્યુ હતું કે તેઓ આનાથી હચમચી ઉઠયા હતા. મોદીએ ભીષણ ગરમી વચ્ચે સાવધાન રહેવા લોકોને અપીલ કરી હતી.

મોદીએ બોર્ડની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. નિષ્ફળ રહેલા વિદ્યાર્થીઓને હિમ્મત હાર્યાવગર આગળ વધવા અપીલ કરી હતી.મોદીએ કિસાન ચેનલની વાત કરતા કહ્યું હતુ કે પંરપરાગત કૃષિથી આધુનિક ખેતીને વધારવાનો સમય છે. પાકનુ ઉત્પાદન કરી રીતે વધે અને હવામાનની સ્થિતી અંગે ખેડુત માહિતી મેળવી શકે છે.

# બિહાર ચૂંટણી : ભાજપના પ્રાથમિકતાના મુદ્દા તૈયાર

પટણા,તા. ૨૪

બિહાર વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુંકાવવા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તમામ રાજકીય પાર્ટી ચૂંટણીની તૈયારીમાં લાગી ગઈ છે. બિહારમાં પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવવા માટે ભાજપે તમામ તૈયારી કરી છે. આના માટે તમામ સમુદાયને ધ્યાનમાં લઈને નિતી પણ તૈયાર કરી લેવામાં આવી છે. ભાજપે ચૂંટણી પહેલા પોતાના મુદ્દા તૈયાર કરી લીધા છે. ભાજપે પ્રાથમિકતાના મુદ્દાને હાથ ધરીને પ્રચાર કરવા માટે કમર કસી લીધી છે. બિહારમાં ભાજપે કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો નિર્ણય કર્યો છે. જયારે ભાજપે સુરક્ષાને પ્રાથમિકતા આપવાનો નિર્ણય કર્યો છે. ખેડુતો, તબીબો અને બિઝનેસમેન, કોન્ટ્રાક્ટરોને પુરતી સુરક્ષા આપવાનો નિર્ણય કર્યો છે.



આ તમામ લોકો સારી રીતે પોતાનુ કામ કરે તે માટે સુરક્ષા જરૂરી છે. ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ કુમાર મોદીએ માહિતી આપતા કહ્યું છે કે કૃષિને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. કારણ કે ૮૦ ટકા વસ્તી કૃષિ પર આધારિત છે. નબળા વર્ગોના વિકાસ માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવી છે. દરમિયાન સુશીલ કુમાર મોદીએ એમ પણ કહ્યું છે કે પંજાબ અને હરિયાણાની જેમ જ રાજ્યના લોકો બહાર ન જાય તે માટે સ્કીલ ડેવલપમેન્ટ પર ભાર મુકવામા આવશે. ભાજપે ભારપૂર્વક કહ્યું છે કે બિહાર વિધાનસભાની ચૂંટણી આ વખતે જોરદાર ટક્કર જોવા મળી શકે છે. એકબાજુ જનતાદળ યુનાઈટેડ-એરજેડી એકસાથે છે. જ્યારે કોંગ્રેસ પણ તેમની સાથે છે. બીજી બાજુ ભાજપ અને એલજેપી સાથે મળીને ચૂંટણી લડનાર છે. આવી સ્થિતીમાં જંગ જોરદાર રહે તેવી શક્યતા છે. સામાન્ય લોકોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો શરૂ થયા છે.

# સ્મૃતિની શૈક્ષણિક લાયકાત અંગે અરજી પર હવે સુનાવણી કરાશે

નવીદિલ્હી,તા. ૨૪

એએપીની પાર્ટી બનાવટી ડિગ્રી મામલાને લઈને મુશ્કેલીનો સામનો કરી રહી છે ત્યારે હવે ભાજપને મોટો ફટકો પડ્યો છે. કારણ કે સ્થાનિક અદાલતે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદની પણ ગંભીર નોંધ લીધી છે અને કોર્ટ સ્મૃતિ ઈરાનીની શૈક્ષણિક લાયકાત અંગે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી ચલાવવા સહમતી દર્શાવી છે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસપ્રધાન સ્મૃતિ




ઈરાની સામે ફ્રીલાન્સ લેખક અહેમર ખાન દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના સંદર્ભમાં કોર્ટે સુનાવણી ચલાવવા તૈયારી બતાવી છે. સ્મૃતિ ઈરાની સામે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમની શૈક્ષણિક લાયકાત અંગે ખોટી માહિતી આપીને ચૂંટણી પંચને ગેરમાર્ગે દોરવા બદલ સ્મૃતિ ઈરાની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. સ્મૃતિ ઈરાની સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં સમન્સ પહેલાના પુરાવાની નોંધણી માટે ૨૮મી ઓગસ્ટની તારીખ નક્કી કરવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે, હાલમાં કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. ફરિયાદમાં ફ્રીલાન્સ લેખક ખાને આક્ષેપ કર્યો છે કે, ચૂંટણી પંચ સમક્ષ દાખલ કરવામાં આવેલી ત્રણ એફિડેવિટમાં માહિતી ખોટી આપવામાં આવી છે. લોકસભા માટે ઉમેદવારી માટે ઉમેદવારીપત્ર દાખળ કરતી વેળા ખોટી માહિતી રજૂ કરવામા આવી હતી. રાજ્યસભાની ચૂંટણી વેળા પણ ખોટી માહિતી આપવામાં આવી હતી. તેમની શૈક્ષણિક લાયકાત અંગે સ્મૃતિ ઈરાનીએ જુદી જુદી માહિતી આપવામાં આવી છે.

ખાન તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કેકે મેનને કોર્ટમાં કહ્યું હતું કે, એપ્રિલ ૨૦૦૪ માટે તેમની એફિડેવિટમાં ઈરાનીએ કહ્યું હતું કે, દિલ્હી યુનિવર્સિટીમાંથી ૧૯૯૬માં તેઓએ બીએની ડિગ્રી મેળવી હતી જ્યારે અન્ય એક એફિડેવિટમાં જણાવવામાં આવ્યું છે કે, તેમની સર્વોચ્ચ શૈક્ષણિક લાયકાત બીકોમ પાર્ટ એક છે. ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણી લડતી વેળા અન્યત્ર માહિતી અપાઈ હતી જ્યારે લોકસભાની ચૂંટણી વેળા જુદી માહિતી આપવામાં આવી હતી. ૧૬મી એપ્રિલ ૨૦૧૪ના દિવસે લોકસભા ચૂંટણીના નોમિનેશન માટે દાખલ કરાયેલી એફિડેવિટમાં અમેઠીમાંથી ઈરાનીએ કહ્યું હતું કે, તેઓએ બેચલર ઓફ કોમર્સ પાર્ટ વનની ડિગ્રી મેળવેલી છે.

# મુંબઈ લઠ્ઠાકાંડ : અંતે મુખ્ય સુત્રધાર દિલ્હીમાં ઝડપાયો

મુંબઈ,તા. ૨૪

મુંબઈમાં લઠ્ઠાકાંડના બનાવના પાંચ દિવસ બાદ આખરે મુખ્ય સુત્રધારને પકડી પાડવામાં સફળતા મળી છે. તે ઉત્તરપૂર્વીય દિલ્હીના જાફરાબાદથી ઝડપાઈ ગયો છે. ઝડપાયેલા શખ્સની મન્સુર લતીફખાન ઉર્ફે અતીક તરીકે ઓળખ થઈ છે. તેની પુછપરછમાં કેટલીક નવી વિગત ખુલી છે. જે મુજબ તે ગુજરાતમાંથી શરાબ ખરીદીને મુંબઈમાં સક્રિય થયેલા બુટલેગરો સુધી શરાબનો જથ્થો પહોંચાડતો હતો. દિલ્હી અને મુબઈની સંયુક્ત પોલીસ ટીમ દ્વારા એ ઓપરેશન પાર પાડવામાં આવ્યો છે. કેટલીક નવી વિગત પણ ખુલી શકે છે. બીજી બાજુ ૧૭મી જુનના દિવસે બનાવ બન્યા બાદ હજુ પણ ૪૬ લોકો સારવાર હેઠળ છે. જે પૈકીના કેટલાકની હાલત ગંભીર છે. મહારાષ્ટ્રના એક દશકના સૌથી મોટા લઠ્ઠાકાંડના બનાવ બાદ હજુ ૪૫ લોકો સારવાર હેઠળ છે. જે પૈકી કેટલાકની સ્થિતી હજુ ગંભીર છે. આ સંબંધમાં વ્યાપક દરોડા અને તપાસનો દોર જારી છે. હજુ સુધી ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. બીજી બાજુ મોતનો આંકડો ૧૦૩ સુધી પહોંચી ગયો છે. ક્રાઈમ બ્રાન્ચ પર પણ ભારે દબાણ દેખાઈ રહ્યું છે. મુંબઈના મલાડ ખાતે સર્જાયેલા લઠ્ઠાકાંડના બનાવમાં મોતનો આંકડો હજુ પણ વધી રહ્યો છે. લઠ્ઠાકાડના બનાવ બાદ હવે એક્સાઈઝ વિભાગના ચાર અધિકારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવી ચુક્યા છે. વર્ષ ૨૦૦૪માં વિખરૌલી ખાતે લઠ્ઠાકાડના બનાવમાં ૮૯ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૦૪ના લઠ્ઠાકાડના બનાવ કરતા પણ આ બનાવને મોટા બનાવ તરીકે ગણવામાં આવે છે. પોલીસ પર તીવ્ર દબાણની સ્થિતી છે. લઠ્ઠાકાંડના બનાવને ઘણા દિવસ થયા હોવા છતાં હોસ્પિટલમાં ભારે અંધાધુંધી પ્રવર્તી રહી છે. સમગ્ર મામલામાં લાપરવાહી રાખવા બદલ આઠ પોલીસ અધિકારીઓને પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. હજુ પણ પોલીસ અધિકારીઓ પણ સકંજામાં આવી શકે છે. આ સંદર્ભમાં ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામની પુછપરછ ચાલી રહી છે. પુછપરછના આધાર પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. અહેવાલ મુજબ ઝેરી શરાબનો શિકાર થયેલા અન્ય ૪૬ લોકોને મુંબઈની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઝેરી શરાબ પીવાનો મામલો મુંબઈમાં મલાડના માલવણી વિસ્તારમાં બન્યો હતો.જુરાસિક પાર્કમાં ઝેરી શરાબનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. માલવણી વિસ્તારમાં સ્થિત જુરાસિક પાર્કમાં કેટલાક લોકોએ ઝેરી શરાબ પીધા બાદ તેમને માઠી અસર થઈ હતી.

**પટણા જતી પલામુ એક્સપ્રેસ ખડી પડી**

# ઝારખંડ : માઓવાદીઓએ ફરીથી રેલવે ટ્રેક ફૂંકી માર્યું

રાંચી,તા. ૨૪

ઝારખંડમાં લાતોહાર જિલ્લામાં આજે માઓવાદીઓએ ફરી એકવાર આતંક મચાવ્યો હતો. માઓવાદીઓએ રેલવે ટ્રેકને ફુંકી મારતા પલામુ એક્સપ્રેસ ટ્રેન ખડી પડી હતી. પટણા જતી પલામુ એક્સપ્રેસના ત્રણ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હોવા છતાં મોટી દુર્ઘટના ટળી હતી. બરકાકાનાથી પટણા તરફ જતી આ એક્સપ્રેસ ટ્રેનના એન્જિન અને ત્રણ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. છીપાદોહાર રેલવે સ્ટશનના માસ્ટર આરપી ભાગોટિયાએ કહ્યું છે કે, રાહત ટ્રેન પણ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. આ બનાવમાં કોઈ ખુવારી ન થતા તંત્રને પણ મોટી રાહત થઈ હતી. સ્ટેશન માસ્ટરે કહ્યું હતું કે, છીપાદોહાર અને બરવાદીહ સ્ટેશન વચ્ચે કુચીલા ગામ નજીક આઠ વાગ્યાની આસપાસ બ્લાસ્ટ થયો હતો. ૯મી જૂનના દિવસો પલામુ જિલ્લામાં તેમના કેડર ઉપર કરવામાં આવેલા હુમલાના વિરોધમાં સીપીઆઈ-માઓવાદીઓએ ૨૪ કલાકના બંધની હાકલ આજે કરી હતી. જેમાં બિહાર, ઝારખંડનો સમાવેશ થાય છે. ૧૩૩૪૭ બારખાકાના-પટણા પલામુ એક્સપ્રેસ ટ્રેન ખડી પડવાના સમાચાર મળતાની સાથે જ રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

બીજી બાજુ ઝારખંડ, બિહાર અને ઈત્તિસગઢમાં માઓવાદીઓ દ્વારા બંધની હાકલ કરી હતી. ઝારખંડને સૌથી વધારે માઓવાદીગ્રસ્ત વિસ્તાર પૈકી એક તરીકે ગણવામાં આવે છે. બીજી બાજુ બનાવ બન્યા બાદ પોલીસે માઓવાદીઓની શોધખોળ હાથ ધરી છે. જો કે એક્સપ્રેસ ટ્રેન ખડી પડવાના બનાવમાં સદનસીબે કોઈને ઈજા થઈ નથી. આ બનાવ છીપાદોહાર અને ભરવાદીહ જંક્શન વચ્ચે રેલવે ટ્રેકને ભારે નુકસાન થયુ હતુ. ઝારખંડમાં છેલ્લા કેટલાક દિવસથી ફરી એકવાર માઓવાદીઓ સક્રિય થઈ ગયા છે. ઝારખંડમાં માઓવાદી ભુતકાળમા પણ કેટલાક હુમલાને અંજામ આપી ચુક્યા છે. જો કે તેમની ગતિવિધી પર હજુ સુધી બ્રેક મુકવામાં તંત્રને સફળતા મળી નથી. માઓવાદીઓ સામે વારંવાર કાર્યવાહી કરવાની ચેતવણી જારી કરવામાં આવે છે છતાં તેમની ગતિવિધી જારી રહી છે.

**એમબીએના વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર**

# છ નવી આઈઆઈએમની રચનાને સરકારની મંજુરી

નવીદિલ્હી, તા. ૨૪

એમબીએના દાવેદારો માટે ખુબ સારા સમાચાર છે. સરકારે દેશભરમાં છ નવી આઈઆઈએમ સ્થાપિત કરવા માટેની દરખાસ્તને આજે લીલીઝંડી આપી દીધી હતી. આગામી શૈક્ષણિક સત્રથી નવા કોર્સની શરૂઆત થઈ રહી છે. નવા આઈઆઈએમ ક્યા બનશે તેની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. તમામ નવી સંસ્થાઓ પોસ્ટ ગ્રેજ્યુએટ પોસ્ટ માટે ૧૪૦ વિદ્યાર્થીઓ સાથે શરૂ થશે. આઈઆઈએમના ફ્લેગશીપ કાર્યક્રમ માટે પ્રવેશ પ્રક્રિયા સીએટી મારફતે યોજવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટે આ દરખાસ્તને લીલીઝંડી આપી દીધા બાદ આ દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. સાત વર્ષના અંત સુધી વાર્ષિક વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવામાં આવશે. ગયા વર્ષે જુલાઈ મહિનામાં બજેટ ભાષણમાં નાણામંત્રી અરુણ જેટલીએ પાંચ નવી આઈઆઈએમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આઈઆઈએમ આંધ્રપ્રદેશમાં સ્થાપિત કરવામાં આવનાર છે. એપી રિઓર્ગેનાઈઝેશન એક્ટ ૨૦૧૪ને ધ્યાનમાં લઈને આ દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. કેબિનેટે પશ્ચિમી ઓરિસ્સાના લોકોની માંગણીને પણ ધ્યાનમાં લીધી છે.

**ક્યાં નવી સંસ્થા બનશે**

- વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ)
- બોધગયા (બિહાર)
- શિરમોર (હિમાચલ પ્રદેશ)
- નાગપુર (મહારાષ્ટ્ર)
- સંબલપુર (ઓરિસ્સા)
- અમૃતસર (પંજાબ)

# લખવી એક સાપ તરીકે છે અને તે કોઈને કરડી શકે છે

નવીદિલ્હી,તા. ૨૪

ભાજપના પ્રવક્તા એમજે અકબરે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, મુંબઈમાં આતંકવાદી હુમલાના માસ્ટર માઈન્ડ ઝાકી ઉર રહેમાન લખવી એક સાપ સમાન છે જે ભારત અને ચીન બંનેને કરડી શકે છે. એમજે અકબરે કહ્યું હતું કે, વિદેશમંત્રાલય દ્વારા ચીન સમક્ષ આ મુદ્દાને ખુબ જ ગંભીરતાપૂર્વક ઉઠાવવામાં આવ્યો છે. અકબરે કહ્યું હતું કે, અમને આશા છે કે, ચીન ભારતની સ્થિતિને સમજશે અને તે વાતની પણ ખાતરી કરશે કે, આતંકવાદને કોઈપણ કિંમત ચલાવી લેવાય નહીં. લખવી જેવા આતંકવાદીએ એક સાપ સમાન છે જે બીજાને પણ નુકસાન પહોંચાડી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જેલમાંથી લખવીની મુક્તિ સામે પાકિસ્તાન સામે કાર્યવાહી કરવા માટે ભાજપે સંયુક્તરાષ્ટ્રમાં અપીલ કરી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે. વિશ્વ સંસ્થાના ઠેરાવનો ભંગ કરીને મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ અને તોયબાના કમાન્ડર જાકી ઉર રહમાન લખવીની મુક્તિને લઈને પાકિસ્તાન સામે પગલા લેવાની માંગણી કરીને સંયુક્ત રાષ્ટ્રમાં કરવામાં આવેલી ભારતની હિલચાલને ચીને અટકાવી દીધી હતી. પાકિસ્તાન સામે પગલા લેવાની ભારતે જોરદાર રજુઆત કરી હતી પરંતુ ચીને આશ્ચર્યજનક કૃત્ય કરતાં તેનું વલણ પણ સ્પષ્ટ થઈ ગયું છે. ચીનની એવી દલીલ હતી કે, ભારતે અપુરતી માહિતી આપી છે. ચીને પાકિસ્તાનનો સાથ આપીને તેની ખતરનાક યોજનાની સાબિતી આપી દીધી છે. ચીન હંમેશા પાકિસ્તાનની તરફેણમાં રહ્યું છે તે બાબત પણ પુરવાર થઈ છે. ચીન દ્વારા વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ લખવીને હાલમાં જ પાકિસ્તાને છોડી મુકયો હતો. સંયુક્ત રાષ્ટ્ર પ્રતિબંધના વડાને લખવામાં આવેલ પત્રમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ અશોક મુખર્જીએ ગયા મહિને કહ્યું હતું કે, પાકિસ્તાની કોર્ટ દ્વારા લખવીનો મુકત કરીનો પાકિસ્તાને ૧૨૬૭ સંયુક્ત રાષ્ટ્ર ઠેરાવનો ભંગ કર્યો છે. પ્રતિબંધ સમિતીમાં પાંચ કાયમી અને ૧૦ બિનકાયમી સંયુક્ત રાષ્ટ્રના સભ્યો છે. લખવીની મુક્તિને લઈને અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ અને જર્મનીએ વાંધો ઉઠાવ્યો હતો. અમેરિકાએ લખવીની ફરી ધરપકડ માટે સુચના આપી હતી. પાકિસ્તાની કોર્ટે ૯મી એપ્રિલના દિવસે લખવીને મુક્ત કરી દીધો હતો. ૨૦૦૮માં મુંબઈમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. આમાં લખવીની માસ્ટર માઈન્ડ તરીકેની ભૂમિકા હતી.